## સરકારી આર્ટસ કોલેજ, તિલકવાડા જી. નર્મદાના વિદ્યાર્થીઓએ અને આત્મા પ્રોજેક્ટ, છોટાઉદેપુર, ગુજરાત પ્રાકૃતિક કૃષિ બોર્ડના મહિલા ખેડૂતોએ સરદાર પટેલ એગ્રીકલ્ચરલ એજ્યુકેશનલ મ્યુઝિયમ, આણંદ કૃષિ યુનિવર્સિટીની લીધેલ મુલાકાત

---

સરકારી આર્ટસ કોલેજ, તિલકવાડા જી. નર્મદાના ૫૦ વિદ્યાર્થીઓએ અને આત્મા પ્રોજેક્ટ, છોટાઉદેપુર, ગુજરાત પ્રાકૃતિક કૃષિ બોર્ડના ૧૦૦ મહિલા ખેડૂતોએ તા.૦૭.૧૧.૨૦૨૩ મંગળવારના રોજ આણંદ કૃષિ યુનિવર્સિટીના સરદાર પટેલ એગ્રીકલ્ચરલ એજ્યુકેશનલ મ્યુઝિયમની મુલાકાત લીધેલ. મુલાકાત દરમિયાન ડૉ. કૌશિક ખડાયતા દ્વારા તેઓને યુનિવર્સિટી દ્વારા કરવામાં આવતી શિક્ષણ, સંશોધન અને વિસ્તરણની વિવિધ પ્રવૃત્તિઓ અંગે માહિતી આપવામાં આવેલ. વધુમાં, તેઓએ યુનિવર્સિટીના અન્ય વિભાગો જેવા કે ઔષધિય પ્લાન્ટ નર્સરી અને પ્રાકૃતિક ખેતી નિદર્શન ફાર્મની પણ મુલાકાત કરી માહિતી મેળવી હતી. સદર મુલાકાત દરમ્યાન ડૉ. વી. જે પટેલ, પ્રાધ્યાપક અને વડા, એગ્રોનોમી વિભાગ, બી.એ.સી.એ. આ.કૃ.યુ.આણંદ, સરકારી આર્ટસ કોલેજ તિલકવાડાના આચાર્યશ્રી અને આત્મા પ્રોજેક્ટના અધિકારીઓ હાજર રહેલ હતા.







